Read in English

# હે... સ્વામી ! એવી આશિષ માગું છું તમ પાસ...

હે... સ્વામી ! એવી આશિષ માગું છું તમ પાસ,

બુદ્ધિ એવી આપો સંબંધી, ઓળખું તુજ ખાસ... (૨)

અન્ન, જળ, વસ્ત્ર, ફળ, ફૂલ, દૂધ જે આપે,

આ સાધુ બહુ સારા એમ ગુણ જે ગાયે... (૨)

એનો થશે નિશ્ચય અક્ષરધામમાં નિવાસ...

બુદ્ધિ એવી આપો... હે સ્વામી.

મસ્તકના મુકુટ જેવો તારો સંબંધી,

હું માનું એવી મનમાં ઇચ્છા તો મેં કીધી, (૨) એવી...

એ ઇચ્છા પૂર્ણ કર એવી રાખું સદા આશ...

બુદ્ધિ એવી આપો... હે સ્વામી.

કો' સાથ ન આંટી પડે એનું ધ્યાન રાખજે,

પણ જાણપણાની આવી આંટી પાડી દેજે... (૨)

ત્યારે થઈ જાશે મને હૈયામાં કેવી હાશ...

બુદ્ધિ એવી આપો... હે સ્વામી.

**He... Swāmī ! Evī āshish māgun chhun tam pāsa...**

He... Swāmī ! Evī āshiṣh māgun chhun tam pāsa,

buddhi evī āpo sanbandhī, oḷakhun tuj khāsa... (2)

anna, jaḷa, vastra, faḷa, fūla, dūdh je āpe,

ā sādhu bahu sārā em guṇ je gāye... (2)

eno thashe nishrchaya akṣharadhāmamān nivāsa...

Buddhi evī āpo... He swāmī.

mastakanā mukuṭ jevo tāro sanbandhī,

hun mānun evī manamān ichchhā to men kīdhī, (2) evī...

e ichchhā pūrṇa kar evī rākhun sadā āsha...

Buddhi evī āpo... He swāmī.

ko' sāth n ānṭī paḍe enun dhyān rākhaje,

paṇ jāṇapaṇānī āvī ānṭī pāḍī deje... (2)

tyāre thaī jāshe mane haiyāmān kevī hāsha...

Buddhi evī āpo... He swāmī.